**તમારા બાળકનુ રસીકરણ આજ દિન સુધીનું યોગ્ય રીતે કરાવી લેવુ**

જો તમારા બાળકને રસીકરણ કરાવવાની જરૂર હોય તો:

૧) તમારા ફેમિલી ડોક્ટર સાથે રસીકરણ માટેની એપોઇન્ટમેન્ટ બનાવો અથવા તમારા વોક-ઇન- ક્લિનીકની મુલાકાત લો.
૨) જેવુ તમારા બાળકને રસીકરણ કરાવી લો કે **જેમ બને એમ જલદી પીલ પબ્લિક હેલ્થને માહિતી મોકલી આપો.**

**શાળામાં હાજર રહેવાની પરવાનગી**

જે વિદ્યાર્થીઓના રસીકરણની વિગતની નોંધ હમણા સુધી યોગ્ય નહી કરાવાયેલા હોય તેઓને **કદાચ શાળામાં ન પણ જવા દેવાય.** આ ન બને એ અટકાવવા માટે પીલ પબ્લિક હેલ્થ તમને તમારા બાળકનુ રસીકરણ આજ દિન સુધીનું યોગ્ય રીતે કરાવી લેવામાં મદદ કરશે.

**કેનેડાની બહારના રસીકરણ**

પીલ પબ્લિક હેલ્થ વિાર્થીના રસીકરણની વિગતની નોંધનું અંગ્રેજીમાં ભાષાંતર મફતમાં કરશે. તમારા બાળકના રસીકરણની વિગતની નોંધનું ભાષાંતર કરાવવાની ગોઠવણ કરવા માટે અમને ૯૦૫-૭૯૯-૭૭૦૦ પર ફોન કરો. જો તમે કેલેડનમાં રહેતા હો તો, ૯૦૫-૫૮૪-૨૨૧૬ પર ફોન કરો.

ઓહિપ કાર્ડ નથી?

જો તમારા બાળક પાસે ઓન્ટારિયો હેલ્થ કાર્ડ ( ઓહિપ ), ન હોય તો, અમે એને મફતમાં રસી આપીશું.

એપોઇન્ટમેન્ટ બનાવવા માટે પીલ પબ્લિક હેલ્થને ૯૦૫-૭૯૯-૭૭૦૦ પર ફોન કરો. જો તમે કેલેડનમાં રહેતા હો તો, ૯૦૫-૫૮૪-૨૨૧૬ પર ફોન કરો.

**રસીકરણ તમારા બાળકની સુરક્ષા કરે છે**

- રસીકરણ બાળકોને ગંભીર બિમારીઓથી સુરક્ષિત રાખે છે
- તમારા બાળકના જીવન દરમિયાન એને રસી અપાવતા રહો.
- દર વખતે જ્યારે તમારા બાળકને રસી અપાવો ત્યારે એના રસીકરણની વિગતની નોંધ પીલ પબ્લિક હેલ્થને મોકલતા રહો.

જો તમારે કોઇ પણ સવાલ પૂછવા હોય તો અમને ૯૦૫-૭૯૯-૭૭૦૦ પર ફોન કરો. જો તમે કેલેડનમાં રહેતા હો તો, ૯૦૫-૫૮૪-૨૨૧૬ પર ફોન કરો. જો તમારે દુભાષિયાની જરૂર હોય તો અમે તમને એ સગવડ કરી આપી શકીશું. એજન્ટને તમે જે ભાષા બોલતા હો એ કહો અને એ એજન્ટ તમને તમારી જ ભાષા બોલનાર દુભાષિયા સાથે જોડી આપશે.

આભાર.

ઇમ્યુનાઇઝેશન રેકોર્ડ્ઝ ટીમ
પીલ પબ્લિક હેલ્થ

Region of Peel
*Working for you*
Public Health